સંયુક્ત રાષ્ટ્રની માનવાધિકાર સંસ્થામાં ભારત સદસ્ય તરીકે ચૂંટાયું

સંયુક્ત માનવાધિકાર પરિષદમાં ભારતની ૧૮૮ મત સાથે ઐતિહાસિક જીત : ભારત ત્રણ વર્ષ માટે સદસ્ય તરીકે ચૂંટાયું : ભારતનો કાર્યકાળ પહેલી જાન્યુઆરી,૨૦૧૯થી શરુ થશે,૧૯૩ દેશોના સભ્યપદવાળી મહાસભાએ રાષ્ટ્રમાનવાધિકાર પરિષદના નવા સદસ્યોની ચૂંટણી કરી હતી

યુએન,તા.૧૩

સંયુક્ત રાષ્ટ્રની ટોચની માનવાધિકાર સંસ્થામાં ભારત ત્રણ વર્ષ માટે સદસ્ય તરીકે ચૂંટાયું છે. ભારતને એશિયા-પેસિફિક શ્રેણીમાં સૌથી વધુ ૧૮૮ વોટ પ્રાપ્ત થયા છે. ભારતનો કાર્યકાળ પહેલી જાન્યુઆરી, ૨૦૧૯થી શરૂ થશે. સંયુક્ત રાષ્ટ્રની ૧૯૩ દેશોના સભ્યપદવાળી મહાસભાએ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના નવા સદસ્યોની ચૂંટણી કરી હતી. યુએનની મહાસભાના સદસ્ય દેશોએ ગુપ્ત મતદાન દ્વારા કુલ ૧૮ નવા સદસ્યોની ચૂંટણી કરી છે. યુએનએચઆરસીના સદસ્યોએ ગુપ્ત મતદાનમાં ભારતને સૌથી વધુ વોટ આપીને યુએનએચઆરસીના સદસ્ય તરીકે પસંદ કર્યું છે.

મહત્વપૂર્ણ છે કે યુએનએચઆરસીમાં ચૂંટાવા માટે કોઈપણ દેશને ઓછામાં ઓછા ૯૭ સદસ્ય દેશોના વોટની જરૂર હોય છે. યુએનએચઆરસીમાં એશિયા-પેસિફિક ક્ષેત્રની કુલ પાંચ બેઠકો છે. જેમાં ભારત સિવાય બહરીન, બાંગ્લાદેશ, ફિજી અને ફિલિપિન્સે પોતાનું નામાંકન ભર્યું હતું. પાંચ બેઠકો માટે પાંચ દાવેદાર હોવાથી તમામ ઉમેદવાર દેશોનું બિનહરીફ ચૂંટાવું લગભગ નિશ્ચિત હતું. યુએનએચઆરસીની ચૂંટણી પહેલા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના યુએન ખાતેના કાયમી પ્રતિનિધિ સૈયદ અકબરુદ્દીને ટ્વિટ કરીને જણાવ્યુ હતુ કે બહરીન, બાંગ્લાદેશ, ફિજી, ભારત અને ફિલિપિન્સે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં એશિયા-પેસિફિક ક્ષેત્રની પાંચ બેઠકો માટે દાવેદારી કરી છે.

યુએનએચઆરસીના નવા સદસ્ય દેશોનો કાર્યકાળ પહેલી જાન્યુઆરી-૨૦૧૯થી શરૂ થશે અને તેઓ ત્રણ વર્ષ સુધી તેમા કામ કરશે. આ પહેલા ૨૦૧૧થી ૨૦૧૪ અને ૨૦૧૪થી ૨૦૧૭ એમ બે વખત ભારત યુએએચઆરસીના સદસ્ય તરીકે કામગીરી કરી ચુક્યું છે. ભારતનો આખરી કાર્યકાળ ૩૧ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ સમાપ્ત થયો હતો. નિયમાનુસાર ભારત તાત્કાલિક માનવાધિકાર પરિષદના સદસ્ય તરીકે ચૂંટાવાને પાત્ર ન હતું. કારણ કે ભારત પહેલા પણ બે વખત યુએનએચઆરસીનું સદસ્ય રહી ચુક્યું છે.

સંયુક્ત રાષ્ટ્રની ઉચ્ચ માનવાધિકાર પરિષદમાં ભારતની મોટી જીત થઈ છે. ભારત સૌથી વધુ મતો સાથે સભ્ય બન્યો. આ સાથે ભારત માનવાધિકાર સંસ્થામાં ત્રણ વર્ષ માટે સભ્ય ચુંટાયો છે. ભારતને એશિયા-પ્રશાંત શ્રેણીમાં સૌથી વધારે ૧૮૮ વોટ મળ્યા. ભારતનો કાર્યકાશ પહેલી જાન્યુઆરી ૨૦૧૯થી શરૂ થશે. સંયુક્ત રાષ્ટ્રની ૧૯૩ સભ્યની મહાસભાએ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના નવા સભ્યો માટે ચૂંટણી કરી હતી.

ગુપ્ત મતદાન દ્વારા કુલ ૧૮ નવા સભ્ય પસંદ કરાયા. પરિષદના સભ્યોએ ગુપ્ત મતદાન કર્યું અને ભારતને સૌથી વધારે વોટ આપીને પરિષદના સભ્ય ચુંટ્યા. પરિષદમાં ચુંટવા માટે કોઈ પણ દેશને ઓછામાં ઓછા ૯૭ વોટની જરૂર હોય છે. એશિયા-પ્રશાંત ક્ષેત્રમા માનવાધિકાર પરિષદમાં પાંચ સીટ છે. જેના માટે ભારત ઉપરાંત બહરીન, બાંગ્લાદેશ, ફિજી અને ફિલીપીને પોતાની ઉમેદવારી નોંધાવી હતી. પાંચ બેઠકો માટે પાંચ દાવેદારો હોવાથી તમામ નિર્વિરોધ ચુંટાયા હતા.

ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે...

નવલાં નોરતામાં બીજો લોપ હોવાથી શુક્રવારે ચોથના દિવસે વસ્ત્રાલંકારોમાં સજ્જ થઈ પ્રાચીન-અર્વાચીન સુર અને સંગીતના તાલે ખેલૈયા ઝુમી ઉઠ્યા હતા. દિન પ્રતિદિન યુવાનો અને યુવતીઓનો નવલાં નોરતાને માણી લેવા ઉત્સાહમાં વધારો થતો જાય છે. નવરાત્રી મહોત્સવમાં ક્યાંક અર્વાચીન ગરબાના સુર સાંભળવા મળે છે. તો ક્યાંક પ્રાચીન રાસ ગરબાના સુર સંગીતનો સંગમ થાય છે... ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે... જેવા પ્રાચીન રાસના સથવારે અવનવા સ્ટેપ ભરતા ખેલૈયાઓ દર્શકોને ડોલાવે છે.

શામળાજીના ખેરંચા સૈનિક સ્કૂલનો ધોરણ-૯નો વિદ્યાર્થી ચાલુ દોડે ઢળી પડતા મોતને ભેટતા ચકચાર

શામળાજી, તા. ૧૩

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા ખેરંચા ગામે આવેલી સૈનિક સ્કૂલ સુર્યા એકલવ્ય વિદ્યાલયમાં શનિવારે ગમગીન ઘટના ઘટતા ભારે ચકચાર મચી હતી. ધોરણ-૯માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી કસરત દરમિયાન ચાલુ દોડે એકાએક જમીન પર ઢળી પડતા આકસ્મિક મોતને ભેટતા શૈક્ષણિક સ્ટાફ અને સંચાલકોમાં ભારે દોડધામ મચી હતી. વિદ્યાર્થીના પરિવારજનોને જાણ કરતા પરિવારજનો શામળાજી રેફરલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા અને વ્હાલાસોયા દીકરાને મોતને ભેટેલો જોતા જ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણ શોકમગ્ન બન્યું હતું.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર શામળાજી નજીક આવેલી ખેરંચા નજીક આવેલી સુર્યા એકલવ્ય વિદ્યાલય નામની સૈનિક સ્કૂલમાં સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના વીરપુર ગામનો મનીષ કોટવાલ નામનો વિદ્યાર્થી ૩ વર્ષથી અભ્યાસ કરતો હતો. હાલ ધોરણ-૯માં અભ્યાસ કરતો મનીષ શનિવારે સવારે કસરત દરમિયાન દોડ લગાવતા અચાનક બેભાન બની ઢળી પડતા શામળાજી રેફરલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે વિદ્યાર્થી મોત નીપજ્યું હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીનું મોત નિપજતા સંચાલકોએ પરિવારજનોને વિદ્યાર્થી બીમાર હોવાનું જણાવી બોલાવતા પરિવારજનો શામળાજી હોસ્પિટલ પહોંચી તેમના બાળકનું મોત નીપજ્યું હોવાનું જણાવતા પરિવારજનોના આભ નીચેથી ધરતી સરકી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો હતો અને ભારે રડારડ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. વિદ્યાર્થીના મોતના પગલે શામળાજી પોલીસ તાત્કાલિક દવાખાને પહોંચી વિદ્યાર્થીના મૃતદેહને પીએમ માટેની કાર્યવાહી હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક વિદ્યાર્થીના પરિવારજનોએ શાળાના સંચાલકો દ્વારા ગેરમાર્ગે દોરી ખોટી માહિતી આપી બીમાર હોવાનું જણાવી બોલાવવામાં આવ્યા હોવાનું જણાવી સંચાલકો સામે ઉગ્ર રોષ ઠાલવી તેમના બાળકના મોત અંગે સાચું કારણ બહાર લાવવા પોલીસતંત્રમાં રજુઆત કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારાનો વિદ્યાર્થીના મોત મામલે સનસનાટીભર્યા આક્ષેપ

ખેરંચાની સુર્યા એકલવ્ય સૈનિક સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૯ વિદ્યાર્થીનું ચાલુ દોડ દરમિયાન મોત નીપજ્યું હોવાની જાણ ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારાને થતાં શામળાજી સિવિલ હોસ્પિટલ પહોંચી વિદ્યાર્થીના પરિવારજનોને શાંત્વના પાઠવી વિદ્યાર્થીના મૃતદેહનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીનું મોત ગઈરાત્રીએ કોઈ કારણોસર વિદ્યાર્થીનું મોત નીપજ્યું હોવાની સાથે ગઈ કાલે રાત્રીના સમયે એક વિદ્યાર્થી કુવામાં ખાબક્યો હોવાનું જણાવ્યું હતું અને વિદ્યાર્થીના મોત બાબતે

ન્યાયિક તપાસની માંગ કરી હતી.

એશિયન પેરા ગેમ્સમાં ગાંધીનગરની પારૂલ પરમારે ગોલ્ડ મેડલ જીત્યો

પારૂલ પરમારે પેરા બેડમિન્ટનની એસએલ-૩ કેટેગરીમાં વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં થાઈલેન્ડની ખેલાડીને મ્હાત આપી

ગાંધીનરના પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારે વધુ એકવાર પાટનગર સહિત સમગ્ર રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે. પારૂલ પરમારે ઈન્ડોનેશિયા ખાતે એશિયન પેરા ગેમ્સમાં વિમેન્સ સિંગલ્સમાં એસએલ-૩ કેટેગરીમાં ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે.

ઈન્ડોનેશિયાના જાકાર્તા ખાતે એશિયન પેરા ગેમ્સ ચાલી રહી છે જેમાં બેડમિન્ટનની રમતમાં ગાંધીનગરના મહિલા દિવ્યાંગ ખેલાડી પારૂલ પરમાર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે. પારૂલ પરમારે તેમની એસએલ-૩ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા આઈનલમાં થાઈલેન્ડની વાન્ડી કામતામને ૨૧-૯, ૨૧-૫ જેવા એક તરફી સીધા સેટોમાં હરાવી ગોલ્ડમેડલ જીતી લીધો છે. અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડી પારૂલ પરમાર અગાઉ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે અનેકવાર ભારતને ગૌરવ પ્રદાન કરી ચૂક્યાં છે. પારૂલ પરમાર એશિયન ગેમ્સમાં એસએલ-૩ કેટેગરી જેમાં બંને પગે ખોડખાંપણ ધરાવતા હોવા છતાં ઉભા રહી રમી શકે તેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે તેમાં રમતા આ સિદ્ધિ હાંસલ કરી છે. પારૂલ પરમારના ઉત્કૃષ્ઠ પ્રદર્શનને કારણે ગાંધીનગરના ખેલ જગતમાં તથા રમતપ્રેમીઓમાં આનંદનું મોજું પ્રસરી વળ્યું છે અને ચોતરફથી તેમના પર અભિનંદન વર્ષા કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પારૂલ પરમાર પાટનગર સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે પેરા ઓલિમ્પિક એક્સેલન્સ સેન્ટરના બેડમિન્ટન રમતના પેરા ખેલાડીઓના કોચ તરીકે તાલીમ આપવાની સેવા આપી રહ્યાં છે.

વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટમાં ૧૦મા ગેઝિયા એવોર્ડનું વિતરણ

નાયબ મુખ્યમંત્રીના હસ્તે આઈસીટી અને ડિઝીટલ ક્ષેત્રની ૧૬ કંપનીઓને વિવિધ ૧૩ કેટેગરીમાં એવોર્ડ અપાયાં

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સેક્ટર-૧૭માં એક્ઝિબીશન સેન્ટર ખાતે ૧૦મા ગેઝિયા એવોર્ડ સમારંભ યોજાયો હતો. આ એવોર્ડ સમારંભમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે ૧૬ કંપનીઓને વિવિધ ૧૩ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરાયાં હતા. બે અલગ અલગ કેટેગરીમાં

સ્ટાર્ટ અપને 'સ્કેલઅપ સ્ટેજ' અને 'બ્લુમીંગ સ્ટેજ'ના એવોર્ડ એનાયત કરાયાં હતા. ગુજરાત ઈલેક્ટ્રોનિક એન્ડ સોફ્ટવેર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન જે ગેઝિયા આઈટી એસોસિએશનના નામથી જાણીતુ છે તેના દ્વારા આઈસીટી અને ડિઝીટલ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરતી કંપનીઓનું બહુમાન કરવાના ભાગરૂપે ગેઝિયા એવોર્ડસ આપવામાં આવે છે. ગેઝિયા એવોર્ડ્સમાં ૧૬ પ્રાદેશિક અને રાષ્ટ્રીય આઈટી એકમોને વિવિધ ૧૩ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યાં હતા. આ એવોર્ડ્સમાં ઈનટેક ક્રિએટિવ સર્વીસીસ, સિગ્નેટને ઉત્તમ સોફ્ટવેર કંપની તરીકે જ્યારે ટેક્સ્ટર ટેકનોલોજી અને સહજાનંદલેસર કંપનીને ઈલેક્ટ્રોનિક કંપની તરીકે સન્માનવામાં આવી છે. આ ઉપરાંત ઈન્ફોસીટ્સ એરો કંપની, વોડાફોન-આઈડિયા, એમેક્સ ઈન્ફો ટેકનોલોજી, આઈઆઈએસ પીપલ, ટેક્સચર ટેકનોલોજી, ઈવોલ્યુશનરી સિસ્ટમ્સ જેવી કંપનીઓ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીને પણ નવાજવામાં આવી હતી. વિવિધ કેટેગરીમાં વિજેતા કંપનીઓમાં આર્ગ્યુસોફ્ટ ઈન્ડિયા, ગ્રીડલ પીવોટીંગ સોફ્ટવેર, સોર્સપ્રો ઈન્ફોટેક વગેરેનો સમાવેશ થાય છે. ગેઝિયા એવોર્ડ માટે અંદાજે ૧૦૦ જેટલાં નોમિનેસન્સ પ્રાપ્ત થયા હતા.

તપ્તો તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રાન્સફર પર સરકાર એક સમાન સ્ટેમ્પ ડ્યુટી દર લાગૂ કરવાની તૈયારીમાં છે. આ પગલાને ગયા વર્ષે અમલી કરવામાં આવેલા મોટા નિર્ણયની જેમ જ ગણાવામાં આવે છે. ગયા વર્ષે ટેક્સ સિસ્ટમને લઈને કરવામાં આવેલા મોટા ફેરફાર જીએસટીની જેમ જ આને ગણવામાં આવે છે. જેના પરિણામ સ્વરુપે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ડઝન જેટલા ટેક્સ એક થઈ ગયા હતા. નવા સુધારા હેઠળ

સરકાર સમગ્ર દેશમાં સ્ટેમ્પ ડ્યુટીને એક સમાન લાગૂ કરવા માટે ઈચ્છુક છે. હિતધારકો દ્વારા નવ વર્ષ જુના કાયદા માટે ફેરફાર માટે તૈયારી હાથ ધરી છે. એક અગ્રણી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પ્રસ્તાવ તૈયાર કરી લેવામાં આવ્યો છે. રાજ્યો પણ સહમત થઈ ચુક્યા છે. અધિકારીઓએ કહ્યું છે કે, સંસદના શિયાળુ સત્રમાં આને પસાર કરવા માટે અમલી કરવામાં આવી શકે છે. આ પગલાથી રાજ્યોની મહેસુલી આવક ઉપર કોઈપણ અસર થશે નહીં. સ્ટેમ્પ ડ્યુટી જમીનની ખરીદી સાથે સંબંધિત ટ્રાન્ઝિક્શન, દસ્તાવેજો ઉપર લાગૂ થાય છે પરંતુ આને જીએસટીની હદથી બહાર રાખવાનો નિર્ણય કરાયો હતો. બિલ સ્ટોક એક્સચેંજ, ચેક લેન્ડિંગ બિલ, લેટર્સ ઓફ ક્રેડિટ, ઈન્સ્યોરન્સ પોલિસી, શેર ટ્રાન્સફર જેવા નાણાંકીય સાધનો ઉપર સ્ટેમ્પ ડ્યુટી સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે. અલબત્ત અન્ય નાણાંકીય સાધનો ઉપર સ્ટેમ્પ ડ્યુટીના દરો રાજ્યો દ્વારા નક્કી કરવામાં આવે છે. સ્ટેમ્પ ડ્યુટીમાં અંતરના પરિણામ સ્વરુપે સામાન્ય લોકો ટ્રાન્ઝિક્શન એવા રાજ્યો મારફતે કરે છે જ્યાં સ્ટેમ્પ ડ્યુટીના દરો ઓછા હોય છે. માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા આ પહેલા રાજ્યોને સલાહ આપી હતી કે, ઈલેક્ટ્રોનિક માધ્યમથી થનાર ફાઈનાન્સિયલ ટ્રાન્ઝિક્શન પર સ્ટેમ્પ ડ્યુટીને એક સમાન કરવામાં આવે અથવા તો તેને માફ કરી દેવામાં આવે. એક સમાન સ્ટેમ્પ ડ્યુટી રેટ માટે ૧૮૯૯ના કાયદામાં ફેરફાર કરવા માટેના પ્રયાસો અગાઉ પણ થઈ ચુક્યા છે પરંતુ રાજ્યો દ્વારા આ અપીલને ફગાવી દેવામાં આવી હતી. કારણ કે, સ્ટેમ્પ ડ્યુટી ઉપર પોતાના અધિકારને રાજ્યો ગુમાવવા માંગતા ન હતા. જીએસટી બાદ મોદી સરકાર વધુ એક મોટા સુધારાની દિશામાં આગળ વધી રહી છે તેવા અહેવાલને લઈને અર્થશાસ્ત્રીઓમાં ચર્ચાનો દોર શરૂ થઈ ચુક્યો છે. મોદીએ પોતાના શાસન ગાળામાં અનેક મોટા અને સાહસી નિર્ણયો કર્યા છે જેની કિંમત પણ સરકારને ચુકવવી પડી છે. તેની લોકપ્રિયતાને અસર થઈ છે. નોટબંધી અને ત્યારબાદ જીએસટીના પરિણામ સ્વરુપે સરકારને ભારે પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો. આ બંને આર્થિક પગલાના લીધે સરકારને વિરોધ પક્ષની નારાજગીનો સામનો કરવો પડ્યો છે.

હરાજી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલા સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાશે. પરંતુ આગામી દિવસોમાં આ સુકા વૃક્ષોની કટોતીના અંતે લાકડાની હરાજી માટે પણ ગતિવિધિઓ હાથ ધરાશે. શહેરમાં સુકા વૃક્ષોની કટોતી માટે તંત્ર દ્વારા સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ ઉપરાંત નમી પડેલા અને સુકા વૃક્ષોને દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા સર્વેની કામગીરીના અંતે ઝુંબેશ હાથ ધરવામાં આવ છે. ગત ચોમાસા પુર્વે જ વરસાદી દિવસોમાં કોઈપણ પ્રકારનો અકસ્માત ન થાય તે માટે વનતંત્ર દ્વારા સુકાવૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જો કે આ દરમિયાન શહેરમાં ૩૦૦ જેટલા સુકા વૃક્ષોની કટોતી કરાયા બાદ હજુ પણ ૧૦૦ જેટલા જોખમી વૃક્ષો યથાવત છે. ત્યારે આ વૃક્ષોને દુર કરવા માટે પણ આગામી દિવસોમાં અભિયાન હાથ ધરાશે. વનતંત્ર દ્વારા બાકી રહેતા સુકા વૃક્ષોને માર્કીંગ પણ કરવામાં આવ્યુ હતુ. જયારે આગામી દિવસોમાં બાકી રહેતા સુકા વૃક્ષોની કટોતી પણ કરવામાં આવશે. સુકાવૃક્ષોની કટોતીના અંતે હવે ટુંકમાં જ લાકડાની હરાજી માટે પણ પ્રક્રીયા હાથ ધરાશે તેમ પણ વનતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે.

ગણપત યુનિ.ની સાયન્સ કોલેજમાં સેમિનાર યોજાયો

ગણપતવિદ્યાનગર, તા. ૧૩

ગણપત યુનિવર્સિટીની એક અંગભુત કોલેજ મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ દ્વારા તા. ૧૩ ઓક્ટો, ૨૦૧૮ના રોજ એક દિવસીય સાયન્ટિફિક વર્કશોપ અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

હેન્ડસ ઓન ટ્રેઈનિંગ-વર્કશોપનો વિષય છે : 'ફોલ્ડસ્કોપ એસેમ્બલી એન્ડ ઈમેજિંગ' તેમજ સેમિનારનો કેન્દ્રવર્તી વિચાર છે : 'રિસેન્ટ એડવાન્સિસ ઈન નેનોબાયોટેકનોલોજી', વિષયજ્ઞાતા તરીકે આર.કે. યુનિવર્સિટી, રાજકોટના પ્રો. ડૉ. સૌગાતા ઘોષ ખાસ ઉપસ્થિત રહેવાના છે.

વર્કશોપ જેના ઉપર આધારિત છે તે 'ફોલ્ડસ્કોપ' એક એવું માઈક્રોસ્કોપ છે જેને સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ખાતે ડૉ. મનુ પ્રકાશ નામના ભારતીય વૈજ્ઞાનિકે સંશોધિત કર્યુ છે. માત્ર સાદા કાગળ અને લેન્સના ઉપયોગ વડે નિર્માણ પામતું આ માઈક્રોસ્કોપ બહુ સરળતાથી 'એસેમ્બલ્ડ' થઈ શકે છે. અને વિદ્યાર્થીઓ-અભ્યાસુ-સંશોધકો માટે ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયોલોજી અને ઈન્સ્ટ્રુમેન્ટેશનને જાણવા-સમજવામાં ખુબ જ ઉપયોગી પુરવાર થાય છે. ગણપત યુનિવર્સિટી આ સાવ સાદા, સીધા અને સરળ, સસ્તા માઈક્રોસ્કોપનો ઉપયોગ અને એના વિશેની સમજ વધુમાં વિદ્યાર્થીઓમાં પ્રસરે તે માટે આ વર્કશોપ દ્વારા પ્રયત્ન કરશે.

તો નેનો બાયોટેકનોલોજીના સેમિનાર દ્વારા બાયોલોજિકલ ફિનોમેનાને સમજવામાં અને એના અભ્યાસ-સંશોધનમાં નેનો બાયોટેકનોલોજીની શી ભૂમિકા છે તે વિદ્યાર્થીઓ અને પ્રધ્યાપકો યોગ્ય રીતે સમજે અને તેનો વિનિયોગ યોગ્ય રીતે કરે તે સમજાવવાનો છે.

ગણપત યુનિવર્સિટીના ચિફ પેટ્રન અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ આ વર્કશોપ-સેમિનારમાં ચિફ પેટ્રન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તો પેટ્રેન્સ તરીકે ગણપત યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા તથા ડેપ્યુટી ડાયરેક્ટર પ્રો. ડૉ. આર.કે. પટેલ પણ વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા.

આ એક દિવસીય સાયન્ટિફિક વર્કશોપ-સેમિનારના ચેર-પર્સન તરીકે વિશેષ જવાબદારી યજમાન સંસ્થા - મહેસાણા અર્બન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સિસના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. અમિત પરીખ સંભાળી રહ્યા ચે. સાગરકુમાર જોશી કન્વીનર તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. ટીમ મેલર તરીકે ડૉ. પ્રીતિ પટેલ અને નેહલ રામી પણ સહયોગ કરી રહ્યા છે.

ધનસુરા ચાર રસ્તા ટ્રાફિકનો પ્રશ્ન વિકટ

સાંજના ૬ વાગ્યા પછી કોઈ વ્યવસ્થા નથી : કાયમી ટ્રાફિક પોલીસ મુકવા માંગ

શીકા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાનો ધનસુરા તાલુકા મથક છે. મોટાભાગના તમામ પ્રાંતના વાહનો, એસટી બસો, ખાનગી વાહનો બાયડ નડિયાદ, વડોદરા, મુંબઈ, અમદાવાદ ચાર રસ્તા થઈને જાય છે. અત્યારે રોજના અસંખ્ય વાહનોની અવરજવર રહે છે. પરપ્રાંતની લોડેડ ટ્રકોની વણઝાર લાગે છે. વારંવાર અકસ્માત સર્જાય છે. અમદાવાદ રોડ ઉપર ચારથી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં રોજના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ રોડ ક્રોસ કરી જાય છે. ખાસ કરીને સવાર ૧૦ વાગે અને સાંજે ૫ વાગે ટ્રાફિક જામ થઈ જાય છે. સાંજના છ વાગ્યા પછી આખી રાત વાહનોની અવરજવર રહે છે. રોડ ક્રોસ કરવો મુશ્કેલ બની જાય છે. જાણવા મળ્યા પ્રમાણે ટ્રાફિક પોલીસ હંગામી રાખવામાં આવી છે. જે સાંજે ૬.૨૦ પછી જોવા મળતી નથી.

આ ચાર રસ્તા આગળ ટ્રાફિક સર્કલ બનાવવાની વર્ષોથી માંગ છે. રસ્તો સાંકડો બની ગયો છે. સિનિયર સિટીજનો રોડ ક્રોસ કરવામાં મુશ્કેલી અનુભવે છે. ધનસુરાની જનતાની લાગણી અને માંગણી છે કે આ ચાર રસ્તા આગળ રોજડની જેમ વિશાળ ટ્રાફિક સર્કલ બનાવવામાં આવે તો ટ્રાફિકનો પ્રશ્ન હલ થઈ શકે તેમ છે. આ અંગે અરવલ્લી જિલ્લા અને ધનસુરાના ભાજપના અગ્રણી કાર્યકરો સરકારમાં રજુઆત કરે તેવી ધનસુરાની પ્રજા ઈચ્છી રહી છે.

હાલ હંગામીના બદલે કાયમી ટ્રાફિક પોલીસ દિવસ રાત મુકાય તો અકસ્માતનું પ્રમાણ ઘટી શકે છે. આ વિસ્તારના ધારાસભ્ય ધનસુરા તાલુકાના વતની છે. તો તેઓ પણ પોતાના વિસ્તારનો આ પ્રશ્ન સ્તવરે હલ કરવામાં મદદ કરે તેમ મતદારો ઈચ્છે છે. ગ્રામ પંચાયત દ્વારા પણ રજુઆત થાય તેમ પ્રજા ઈચ્છે છે. સત્વરે ચાર રસ્તાનો પ્રશ્ન હાલ થાય તેમ ધનસુરાનો લોકો ઈચ્છે છે.